# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/33/ક્વા-3/૧૯-૨૦/૮૪૩૯-૬** **તા.૨૬-૧૨-૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- 33/ક્વા-૩3/૧૯-૨૦

અરજદાર: **મોહનભાઈ ટપુભાઈ જંજવાડિયા વતી માવજીભાઈ ટપુ** ગામ: **રાજકોટ**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: ૨૪-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :33/ક્વા-3/૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ માધાપર પેટા વિભાગીય કચેરી હેઠળ ના મનહરપુર – ૨ ગામે રહેણાંક હેતુનું ગ્રાહક નંબર ૩૦૭૬૦/૦૦૧૪૯/૯ થી વિજજોડાણ ધરાવે છે. જેમા મીટર શીફટીંગ કરવા માટે અરજી કરવા છતા – મીટર શીફટીંગ અને થાંભલો ફેરવવા માટે રૂ.૬,૧૦૬/– **રસીદ નંબર:** ૮૮૬૭૨૩ તા.૨૦–૦૯–૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે. તેમ છતા અરજદારે પેટા વિભાગીય કચેરી દ્રારા – કોઈ કાર્યવાહી ન થતા –અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મનહરપૂર ખાતે સદર ગ્રાહક રહેણાંક હેતુનું ગ્રાહક નંબર ૩૦૭૬૦/૦૦૧૪૯/૯ થી વિજજોડાણ ધરાવે છે. સદર ગ્રાહકે મીટર શીફટીંગ અને તાર બદલવાની અરજી કરતા તેઓને આપેલ અંદાજ પત્ર તેઓ દ્વારા તા. ૨૦.૦૯.૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. જે અન્વયે સદર ગ્રાહકનો પોલ ઉભો કરી મીટર અને સર્વિસ લાઇન તા. ૦૫.૧૨.૧૯ ના રોજ શીફટીંગ કરી તેઓન રજૂઆતનું નિરાકરણ કરવામાં આવેલ છે. સદર કામગીરી સંતોષકારક કામ પૂર્ણ થઈ ગયેલ છે તેમજ કોઈપણ જાતની ફરીયાદ રહેતી નથી. જે બદલ ખાત્રી આપેલ છે. તેવી જાણ કરતો પત્ર અરજદાર દ્વારા તા.૧૨–૧૨–૧૯ થી માધાપર પેટા વિભાગીય કચેરીને આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

3.૧ **પેરા નં ૧.0 અને** પેરા નં ૨.0 અન્વયે અરજદારની સદર ફરિયાદનું **પી.જી.વી.સી.એલ. કક્ષાએથી** નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૨–૧૨–૧૯ થી રજુ કરાયેલ છે.

3.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન